RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

Volume : 09
Issue : 326
Dt.: 01-10-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa



# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### પટણામાં ડ્રાફ્ટની તુલનામાં મતદાર વધ્યા

## બિહારમાં મતદાર યાદી જાહેર, ચૂંટણી પંચે SIR પછી જાહેર કર્યો ફાઈનલ ડેટા

### ફાઈનલ ડેટા પ્રમાણે, બિહારના પટણા જિલ્લામાં અત્યારે કુલ ૪૮ લાખ, ૧૫ હજાર અને ૨૯૪ મતદાર છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહાર વિધાનસભામાં ચૂંટણી નજીક છે ત્યારે ચૂંટણી પંચે ફાઈનલ મતદાર યાદી જાહેર કરી દીધી છે. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા પૂરી થયા પછી ૩૦ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી પંચે જાહેર કર્યું હતું કે, અમે ચૂંટણી પંચની સત્તાવાર વેબસાઈટ પર ફાઈનલ મતદાર યાદી જાહેર કરી દીધી છે.



ચૂંટણી પંચના મતે, હવે કોઈ પણ મતદાર સત્તાવાર પોર્ટલ https://vOers.eci.gov.in/ પર જઈને પોતાનું નામ અને વિગતો જોઈ શકે છે. મતદાર યાદીમાં નામ નોંધાતા જ મતદાનનો અધિકાર સુનિશ્ચિત થાય છે, એટલે ચૂંટણી પંચે તમામ લાયક નાગરિકોને તેમની વિગતો ચકાસી લેવાની અપીલ કરી છે. SIR પ્રક્રિયા હેઠળ નવા મતદારોના નામ પણ જોડવામાં આવ્યા છે. મૃતકો અને ડુપ્લિકેટ વિગતોને હટાવી દેવાઈ છે. આ ઉપરાંત જે મતદારોએ સ્થાનાંતરણ કર્યું છે, તેમના સરનામા પણ અપડેટ કરી દેવાયા છે. આ વખતે ચૂંટણી પંચે ટેકનિકલ સાધનોના ઉપયોગ પર ખાસ ભાર મૂક્યો છે, જેથી મતદારોને પારદર્શક અને સચોટ યાદી મળી શકે. ફાઈનલ ડેટા પ્રમાણે, બિહારના પટણા જિલ્લામાં અત્યારે કુલ ૪૮ લાખ, ૧૫ હજાર અને ૨૯૪ મતદાર છે. જ્યારે ૧ ઓગસ્ટ ૨૦૨૫ના ડ્રાફ્ટ પ્રમાણે મતદાર યાદીમાં ૪૬ લાખ, ૫૧ હજાર, ૬૯૪ મતદાર હતા. એક મહિલા સુધી ચાલેલા દાવા અને સુધારા પ્રક્રિયા પછી પટણામાં કુલ ૧ લાખ, ૬૩ હજાર, ૬૦૦ નવા મતદાર જોડવામાં આવ્યા છે. તેમાં નવા મતદારો જોડવાની સાથે ડુપ્લિકેટ અને ખામીયુક્ત મતદારોને હટાવી પણ દેવાયા છે. ૧ ઓગસ્ટે જાહેર મતદાર યાદીમાં ૭ કરોડ, ૨૪ લાખ, ૫ હજાર અને ૭૫૬ મતદારના નામ હતા, જેમાં ૬૫.૬૩ લાખ લોકોનું નામ કપાયું હતું. આ યાદી જાહેર થયા પછી ચૂંટણી પંચે ૩ લાખ લોકોને નોટિસ ફટકારી હતી. આ દરમિયાન ૨.૧૭ લાખ લોકોનું નામ કાઢવાની અરજી આવી હતી, જ્યારે ૧૬.૯૩ લાખ લોકોએ પોતાનું નામ જોડવા અરજી કરી હતી. ૧ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી ૧૬ લાખ, ૫૬ હજાર, ૮૮૬ લોકોએ ફોર્મ-૬ ભરીને નામ જોડવાની અરજી કરી હતી. વાંધા અરજીમાં ૩૬,૪૭૫ લોકોએ નામ જોડવપાની અને ૨ લાખ, ૧૭ હજાર અને ૪૯ લોકોએ નામ હટાવવા અરજી કરી હતી. ૧ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી આવેલી અરજીઓનો હજુ નિકાલ નથી કરાયો. આ કામ ૧ ઓક્ટોબર પછી શરૂ થશે. હવે નામ જોડવા માટે આધાર પણ માન્ય કરી દેવાયો છે.

## દુબઈથી દિલ્હી જતી ફ્લાઈટમાં ટેકનિકલ ખામી સર્જાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દુબઈ એરપોર્ટથી દિલ્હી જવા માટે તૈયાર એર ઈન્ડિયાની એક ફ્લાઈટ અચાનક રદ કરવામાં આવી હતી અને મુસાફરોને નીચે ઉતરવાનું કહેવામાં આવ્યું હતું. ક્રૂએ મુસાફરોને આ અંગે જાણ કરી હતી, જેના કારણે હોબાળો મચી ગયો હતો.

મુસાફરોને તાત્કાલિક વિમાનમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા અને અસુવિધા બદલ માફી માંગી હતી. તેમને બીજી ફ્લાઈટમાં દિલ્હી ટ્રાન્સફર કરવાની અથવા રિફંડ આપવાની ઓફર કરવામાં આવી હતી.એર ઈન્ડિયાની ફ્લાઈટ દુબઈથી દિલ્હી જવાની હતી પરંતુ છેલ્લી ઘડીએ રદ કરવામાં આવી. ટેકઓફ પહેલાં, ક્રૂ સભ્યોએ મુસાફરોને રદ થયાની જાણ કરી અને તેમને તાત્કાલિક નીચે ઉતરવા કહ્યું.હૈદરાબાદથી દરભંગા જતી ઈન્ડિગોની ફ્લાઈટને બિહારના ગયા એરપોર્ટ પર અચાનક ઉતારવામાં આવી હતી.

ખરાબ હવામાન આ કટોકટી ઉતરાણનું કારણ હતું. બપોરે લગભગ ૨:૩૦ વાગ્યે ઉતરાણ કર્યા પછી, ફ્લાઈટ એક કલાક માટે એરપોર્ટ પર રહી. ત્યારબાદ તેને દરભંગા જવા માટે પરવાનગી આપવામાં આવી હતી. એક કલાકના વિલંબથી એરપોર્ટ પર રાહ જોઈ રહેલા મુસાફરો અને તેમના પરિવારોમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, જ્યારે ફ્લાઈટ દરભંગામાં સુરક્ષિત રીતે ઉતરી ગઈ, ત્યારે મુસાફરો અને તેમના પરિવારોએ રાહતનો શ્વાસ લીધો.

### PM મોદીએ આપ્યું સમર્થન

## ડોનાલ્ડ ટ્રમ્પે હમાસ-ઈઝરાયલ યુદ્ધને રોકવા માટે બનાવી યોજના

### ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજના પર વિશ્વભરમાંથી પ્રતિક્રિયાઓ આવવા લાગી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ડોનાલ્ડ ટ્રમ્પે હમાસ-ઈઝરાયલ સંઘર્ષને ઉકેલવા માટે ગાઝા શાંતિ યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે. જેને લઈને PM મોદીએ પણ ટ્રમ્પની આ યોજનાને પણ સમર્થન આપ્યું છે. જાણો શું છે આ યોજના હમાસ અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે સમાપ્ત થવાના આરે છે. ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં શાંતિ લાવવા માટે શાંતિ યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજના પર વિશ્વભરમાંથી પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. આ દરમિયાન, PM મોદીએ પણ ટ્રમ્પની ગાઝા યોજનાને જાહેરમાં સમર્થન આપ્યું છે.

PM મોદીએ ટ્રમ્પના પગલાનું સ્વાગત કર્યું છે અને કહ્યું છે કે, ભારત તેમને સંપૂર્ણ સમર્થન આપે છે અને ટ્રમ્પની પહેલમાં બધા એક થશે. જણાવી દઈએ કે, આ અગાઉ, આઠ દેશોએ પણ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાને ટેકો આપ્યો છે.

PM મોદીએ X પર પોસ્ટ કરીને કહ્યું કે, "અમે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગાઝા યુદ્ધને સમાપ્ત કરવા માટે એક વ્યાપક યોજનાની જાહેરાતનું સ્વાગત કરીએ છીએ. તે પેલેસ્ટિનિયન અને ઈઝરાયલી લોકો તેમજ વ્યાપક પશ્ચિમ એશિયાઈ ક્ષેત્ર માટે લાંબા ગાળાની અને ટકાઉ શાંતિ, સુરક્ષા અને વિકાસ માટે એક વ્યવહારુ માર્ગ પ્રદાન કરે છે. અમને આશા છે કે, સંબંધિત તમામ પક્ષો રાષ્ટ્રપતિ ટ્રમ્પની પહેલમાં એક થશે અને સંઘર્ષનો અંત લાવવા અને શાંતિ સુનિશ્ચિત કરવાના આ પ્રયાસને સમર્થન આપશે.

ભારતની સાથે, ઘણા મુસ્લિમ દેશોએ પણ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાનું સ્વાગત કર્યું છે. કતાર, જોર્ડન, યુએઈ, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, તુર્કી, સાઉદી અરેબિયા અને ઈજિપ્તના વિદેશ પ્રધાનોએ ગાઝા યુદ્ધને સમાપ્ત કરવાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના પ્રયાસોનું સ્વાગત કરતું સંયુક્ત નિવેદન બહાર પાડ્યું છે.

જણાવી દઈએ કે, ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા માટે ૨૦-મુદ્દાની ગાઝા યોજના તૈયાર કરી છે. આ યોજના હેઠળ, તે સ્પષ્ટ છે કે, બધા બંધકોને ૭૨ કલાકની અંદર મુક્ત કરવામાં આવશે અને ગાઝામાં એક કામચલાઉ સરકાર પુનઃસ્થાપિત કરવામાં આવશે. ઈઝરાયલનો ગાઝા પર નિયંત્રણ રહેશે નહીં. ડોનાલ્ડ ટ્રમ્પ પોતે ગાઝા માટે શાંતિ બોર્ડના અધ્યક્ષ રહેશે. ઈઝરાયલ આ માટે સંમત છે અને હમાસની સંમતિની રાહ જોઈ રહ્યું છે. જો હમાસ ગાઝા યોજના સાથે સંમત ન થાય, તો અમેરિકા હમાસને ખતમ કરવામાં ઈઝરાયલને સંપૂર્ણ સમર્થન આપશે.

## ભારત-ચીનની કિલ્લેબંધીઃ અમેરિકન સોયાબીનના કોઈ ખરીદદાર જ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

કહેવત છે કે ભેંસના શીંગડા ભેંસને ભારે પડેઅમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પણ આવું જ થયું છે. તેમણે નાખેલા ટેરિફ હવે તેમને જ નડી રહ્યા છે. તેના ટેરિફના કારણે આજે પરિસ્થિતિ એવી આવી છે કે અમેરિકન ખેડૂત તેમની મકાઈ અને સોયાબીનનો પાક વેચવા સંઘર્ષ કરી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો ભારત-ચીન મક્કમ રહ્યા તો અમેરિકાને તેની સોયાબીન-મકાઈ ખરીદનાર કોઈ નહીં મળે. અમેરિકન ખેડૂતોની સ્થિતિ એકદમ ખરાબ બનતા સરકાર પર દબાણ આવશે. અમેરિકન સેનેટમાં પણ આ મુદ્દો હાલમાં ગરમી પકડી રહ્યો છે. હવે જો ભારત-ચીને થોડો પણ સમય ખેંચી કાઢ્યો તો ટ્રમ્પ રીતસર ઘૂંટણિયે આવી જશે.અમેરિકા વર્ષે ૨૪ અબજ ડોલર કરતાં પણ વધુ મૂલ્યની સોયાબીનનીનિકાસ કરે છે. તેમાથી અડધી તો ચીન ખરીદે છે, હવે ટ્રમ્પના ટેરિફના કારણે ગીન્નાયેલા ચીને સોયાબીન ખરીદવા માટે અમેરિકાના બદલે બ્રાઝિલ અને આર્જેન્ટિના પર પસંદગી ઉતારી છે. જ્યારે ભારતમાં તો બંને મોકલવા હોય તો ૪૫ ટકા અને ૬૦ ટકા ટેક્સ ચૂકવવો પડે.જ્યારે ચીને ટ્રમ્પના ટેરિફ સામે વળતો ૩૪ ટકા ટેરિફ લાદ્યો છે. આજે અમેરિકન ખેડૂતોનો મકાઈ અને સોયાબીનનો પાક ઊભો તૈયાર છે, પરંતુ તેનું લેવાલ કોઈ નથી. ન્યૂયોર્ક ટાઈમ્સના જણાવ્યા મુજબ એક સમયે ૧૨થી ૧૩ અબજ ડોલરના સોયાબીનની ખરીદી કરતા ચીને આ વર્ષે અમેરિકા પાસેથી સમખાવા પૂરતી પણ સોયાબીનની આયાત કરી નથી. ચીને તેના બદલે બ્રાઝિલ અને આર્જેન્ટિના પર પસંદગી ઉતારી છે. અમેરિકન સોયાબીન નિકાસ પરિષદના સીઈઓ જિમ સટરને ટાંકીને રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સોયાબીન માટે સમય હવે ખેડૂતોના હાથમાંથી નીકળી રહ્યો છે. ચાર-ચાર વખત મંત્રણા થવા છતાં સોયાબીનને લઈને કોઈ વાત બની નથી. ટ્રમ્પે જણાવ્યું હતું કે સોયાબીન અંગે જો કોઈ ઉકેલ ન આવ્યો તો તેઓ રાહત પેકેજ આપી શકે છે, જે તેમના પહેલા કાર્યકાળ દરમિયાન આપવામાં આવેલા પેકેજ જેવું જ હશે. તેની સામે સોયાબીનનો પાક લેનારા ખેડૂતોનું કહેવું છે કે આ પ્રકારની રાહત ફક્ત કામચલાઉ સમાધાન જ હશે. આ અંગે ચીનનું સ્પષ્ટ કહેવું છે કે અમેરિકા પહેલા અયોગ્ય ટેરિફ હટાવે, પછી અમે વિચારીશું. અમેરિકન ટેરિફ સામે ચીનના વળતા પ્રહારના કારણે જુવાર, મકાઈ, કપાસની સાથે મરીન ફૂડ એક્સપોર્ટ પર પણ વિપરીત અસર પડી છે. આમ ભારત, ચીન, રશિયા અને બ્રાઝિલ થોડો સમય પણ મક્કમ રહ્યા તો અમેરિકાની ટેરિફની બધી દાદાગીરી સોંસરવી નીકળી જવાની છે. ટેરિફના જોર પર કૂદાકૂદ કરતાં ટ્રમ્પ સાવ ઢીલાઘેંસ થઈ જશે. આગામી દિવસોમાં ખેડૂતો વીફરશે તો ટ્રમ્પને નાકલીટી તાણ્યા વગર છૂટકો જ નથી. આમ બ્રિક્સ દેશોની એક્તા ટ્રમ્પને ટેરિફ ભૂલવાડી શકે છે.

### સટ્ટા અને નશીલા પદાર્થોના તસ્કરીમાં સામેલ હતી

## ચીને એક જ દિવસમાં ૧૬ લોકોને ફટકારી ફાંસીની સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચીન

ચીનની સીમાની નજીક મ્યાંમારના નાના કસ્બા લૌક્કાઈઈંગમાં આ પરિવારે જુએ, ડ્રગ્સ અને ઠગી કેન્દ્રોનો અડ્ડો બનાવ્યો છે.આ પરિવાર ટેલીકોમ, સટ્ટા અને નશીલા પદાર્થોના તસ્કરીમાં સામેલ હતી.ચીને મ્યાનમારમાં કુખ્યાત મિંગ પરિવારના ૧૬ સભ્યોને રેકેટરીંગ ગેંગ ચલાવવા બદલ મૃત્યુદંડની સજા ફટકારી છે. આ પરિવારે ચીનની સરહદ નજીક આવેલા મ્યાનમારના નાના શહેર લૌક્કાઈંગને જુગાર, ડ્રગ્સ અને રેકેટરીંગના કેન્દ્રમાં ફેરવી દીધું હતું. આ પરિવાર ટેલિકોમ છેતરપિંડી, જુગાર અને ડ્રગ્સની હેરફેરમાં સામેલ હતો. જેનાથી અંદાજે ઈ૧.૪ બિલિયન ગેરકાયદેસર કમાણી થતી હતી.વર્ષ ૨૦૨૩માં, મ્યાનમારે કાર્યવાહી કરી હતી. આ પરિવારોના ઘણા સભ્યોની ધરપકડ કરી અને તેમને ચીનને સોંપી દીધા.

આ પછી, ચીને હવે પરિવાર સામે કડક કાર્યવાહી કરી છે. પૂર્વી ચીનના વેન્ઝોઉ શહેર ખાતે કુલ ૩૯ મિંગ પરિવારના સભ્યોને સજા ફટકારવામાં આવી હતી. પરિવારના ૩૯ સભ્યોમાંથી ૧૧ને મૃત્યુદંડ, ૫ને બે વર્ષની સસ્પેન્ડેડ સજા, ૧૧ને આજીવન કેદ અને બાકીનાને ૫ થી ૨૪ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. કોર્ટે શોધી કાઢ્યું કે ૨૦૧૫ થી, મિંગ પરિવાર અને અન્ય ગુનાહિત ગેંગ ટેલિકોમ છેતરપિંડી, ગેરકાયદેસર કેસિનો, ડ્રગ હેરફેર અને વેશ્યાવૃત્તિ જેવી પ્રવૃત્તિઓમાં સામેલ હતા.કોર્ટે એમ પણ જણાવ્યું હતું કે મિંગ પરિવાર અને અન્ય ગેંગ અનેક છેતરપિંડી કેન્દ્રોમાં કામદારોના મૃત્યુ માટે જવાબદાર હતા. એક ઘટનામાં, તેઓએ કામદારોને ચીન પાછા ફરતા અટકાવવા માટે ગોળી પણ મારી હતી.

## કેરળે મતદારોના વેરિફિકેશનની પ્રક્રિયા એસઆઈઆર સામે વિધાનસભામાં ઠરાવ પસાર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) તિરૂવનંતપુરમ

ચૂંટણી પંચ બિહાર બાદ હવે અન્ય રાજ્યોમાં પણ મતદારોનું વેરિફિકેશન કરવા જઈ રહ્યું છે. જેની સામે કેટલાક રાજ્યો વિરોધ કરી રહ્યા છે. આ રાજ્યોમાં દક્ષિણ રાજ્ય કેરળ પણ જોડાયું છે. કેરળે મતદારોના વેરિફિકેશનની પ્રક્રિયા એસઆઈઆર સામે વિધાનસભામાં ઠરાવ પસાર કર્યો છે અને પોતાનો વિરોધ નોંધાવ્યો છે. સાથે જ કહ્યું છે કે મતદારોનું વેરિફિકેશન એનઆરસી લાગુ કરવાની એક ચાલ છે.

કેરળ વિધાનસભાએ સોમવારે સર્વસંમતિથી પ્રસ્તાવ પસાર કર્યો હતો જેને મુખ્યમંત્રી પિનરાઈ વિજયન દ્વારા વિધાનસભામાં રજુ કરવામાં આવ્યો હતો. વિપક્ષે કેટલાક સંશોધનની ભલામણ કરી હતી જેને સરકાર દ્વારા સ્વીકારવામાં આવી હતી. પ્રસ્તાવમાં જણાવવામાં આવ્યું છે કે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદારોનું વેરિફિકેશન એક રીતે રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર એનસીઆરની ચાલાકીભરી કોપી છે. બિહારમાં ચાલી રહેલી એસઆઈઆર પ્રક્રિયાએ આ શંકાને વધુ ગંભીર બનાવી દીધી છે. પ્રસ્તાવમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે બિહારની મતદાર યાદીમાં સંશોધનને બહિષ્કરણની રાજનીતિ તરીકે જોવામાં આવી રહ્યું છે.

### સેમિકન્ડકટર ક્ષેત્રમાં મોટી સિદ્ધિ

## ભારતમાં પ્રથમ સ્વદેશી એઆઈ ચિપનું નિર્માણ

### ચિપ એઆઈને ઝડપથી પ્રોસેસ કરવા અને સુરક્ષિત રાખવામાં સક્ષમ છે આ ચિપને બનાવવામાં ૧૦થી પણ ઓછા લોકોની એક નાની ટીમે કામ કર્યુ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

હૈદરાબાદમાં આયોજિત ટી ચિપ સેમિકોન કોન્સ્ટિટયુશનલ સમિટમાં ભારતની પ્રથમ એઆઈ ચિપ જોવા મળી હતી. આ ચિપ સંપૂર્ણ રીતે ભારતીય ટેકનિકથી બનાવવામાં આવી છે.

આ સિદ્ધિને એટલા માટે મોટી ગણવામાં આવી રહી છે કારણકે તે ભારતના સેમિકન્ડકટર ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાની દિશામાં મોટું પગલું છે. આ ચિપ તેલંગણામાં તૈયાર કરવામાં આવી છે. હૈદરાબાદની આઈઆઈટીથી આવેલ ઈનોવેટર દિનેશે જણાવ્યું હતુ કે, ચિપ એઆઈને ઝડપથી પ્રોસેસ કરવા અને સુરક્ષિત રાખવામાં સક્ષમ છે. આ ચિપને બનાવવામાં ૧૦થી પણ ઓછા લોકોની એક નાની ટીમે કામ કર્યુ છે. છેલ્લા કેટલાક સમયથી ભારતના પાડોશી દેશ ચીને ચિપ માટે પોતાને મજબૂત કર્યુ છે. ભારત પણ આ દિશામાં આગળ વધી શકે છે. દિનેશનું માનવું છે કે આ ચિપ દ્વારા ભારતમાં સ્ટાર્ટઅપ અને શિક્ષણ સંસ્થાઓને સસ્તા ભાવે એઆઈ હાર્ડવેર મળી શકશે. તેમણે જણાવ્યું હતુ કે એનવીડિયા અથવા ઈન્ટેલ જેવા હાર્ડવેર ખૂબ જ મોંઘા છે. જેના કારણે અમારા નાણાં વિદેશમાં જાય છે. આપણે આપણું પોતાનું સસ્તું અને સારું હાર્ડવેર બનાવી આત્મનિર્ભર બની શકીએ છીએ. આ ચિપ ખર્ચમાં ઘટાડો કરશે અને ભારતને ટેકનિકલ ક્ષેત્રમાં મજબૂત બનાવશે.

હૈદરાબાદમાં આયોજિત ટી-ચિપ (ટેકનોલોજી ચિપ ઈનોવેશન પ્રોગ્રામ) સેમિકોન કન્સ્ટીટયુશન સમિટના અંતે તેલંગણાના આઈટી પ્રધાન શ્રીધર બાબુ દુદિલ્લાએ જણાવ્યું હતું કે યુવાનોમાં ટેલેન્ટ હોવાથી અહીં સેમિકન્ડકટર ઈન્ડસ્ટ્રીનું મોટા પાયે વિકાસની સંભાવના છે.

હવે મોટા પાયે ચિપના મેન્યુફેકચરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ સેકટરને આગળ વધારવા રાજ્ય સરકારે અનેક નીતિઓ ઘડી છે. જેમાં સેમિકન્ડકટર ઈન્ડસ્ટ્રીને ઈન્સેન્ટીવ અને સબસિડી આપવી સામેલ છે. આ પ્રસંગે પ્રધાને તેલંગણા ઈન્ફરમેશન ટેકનોલોજી એસોસિએશન (ટીઆઈટીએ)ની ભૂમિકાની પ્રશંસા કરી હતી. ઉલ્લેખનીય છે કે ટીઆઈટીએ દ્વારા જ આ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.



# તંત્રી લેખ......

## લેહ-લદ્દાખમાં અજંપો

પર્યાવરણવાદી સોનમ વાંગચૂકે લદ્દાખના પ્રશ્નોને લઈને આદરેલી હડતાળે ચીનને અડીને આવેલા પર્વતીય વિસ્તારમાં હિંસક વળાંક લીધો, જેને જેન-ઝી આંદોલન તરીકે ઓળખાવવામાં આવે છે તે અરાજકતા અને હિંસા ભારતની સરહદમાં પણ ઘૂસ્યા છે, જે ચિંતાજનક છે. તેની ગંભીરતા એટલા માટે વધી ગઈ છે કે, ભારતમાં તે લેહ-લદ્દાખથી શરૂ થયું છે. હજી નેપાળનાં દૃશ્યો ટીવી ઉપરથી ભૂલાયાં નથી. ફ્રાન્સની સડકો ઉપર લોકો ઊતરી આવ્યા છે, તેના સમાચાર અને પૃથક્કરણ ચાલી રહ્યાં છે. લોકો થોડાં વર્ષો પહેલાં શ્રીલંકામાં ઊભી થયેલી સ્થિતિની પણ ચર્ચા કરે છે. લદ્દાખની જે સ્થિતિ થઈ તે કરવા પાછળ જે તત્ત્વો છે તેમાં એક નેપાળ પણ હોવાના સ્પષ્ટ સંકેત પ્રશાસને આપ્યા છે. લેહમાં બુધવારે અચાનક જ વાતાવરણ પલટાયું, હિંસા ફાટી નીકળી, જે કાશ્મીર અને લેહ માટે ભારતીય જનતા પાર્ટી વિશ્વ સ્તરે જશ લઈ રહી છે તેનું પોતાનું જ કાર્યાલય ઉશ્કેરાયેલા યુવાનોએ સળગાવી નાંખ્યું તેટલી વિકરાળ આ આગ બની ગઈ. લદ્દાખને પૂર્ણ રાજ્ય આપવાની માંગ, લોકસભાની બે બેઠક ફાળવવા તથા નોકરીમાં સ્થાનિક યુવાનોને તક મળે તે અપેક્ષા સહિતના મુદ્દા તો ચાર વર્ષથી ત્યાં છે. અચાનક આ એવું તે શું થયું કે હ્લસીને મેં જલન, આંખો મેં તુફાન સા ક્યું હૈ...' જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ તે કોઈ કહી શકતું નથી, પરંતુ ચાર વ્યક્તિનાં મૃત્યુ, અશ્રુવાયુ સહિતની ઘટનાઓએ આખા દેશનું ધ્યાન ખેંચ્યું. નેપાળમાં સોશિયલ મીડિયા બંધ કરવાના વિરોધમાં યુવાનો રસ્તા ઉપર ઊતર્યા થોડા કલાકો પછી આખી સરકાર રસ્તા ઉપર આવી ગઈ હતી. એક પખવાડિયાંમાં ભારતના એક પ્રાંતને આ ચેપ લાગી ગયો છે. લેહ-લદ્દાખ, કાશ્મીર કે મણિપુર કે દેશનો અન્ય કોઈ પણ હિસ્સો હોય ત્યાં સમસ્યા જ નથી તેવું નથી. લોકોને પોતાના પ્રશ્નો હોય, માગણી હોય અને તે વ્યક્ત કરવાનો અધિકાર પણ હોય, પરંતુ તે અધિકારમાં દેશની શાંતિ ડહોળવાનો સમાવેશ થઈ શકે નહીં. સૌથી અગત્યની વાત એ છે કે, નવી પેઢીનાં નામે જે આંદોલન ગણાવવામાં આવી રહ્યું છે, જેને ઈન્ટરનેટ કે સોશિયલ મીડિયાની ક્ષમતા ગણાવવામાં આવી રહ્યું છે તે આ કે અન્ય આંદોલનો સ્વયંભૂ છે કે કોઈ દ્વારા પ્રેરિત, આંદોલનનો પ્રકાર અને પદ્ધતિ બન્નેના અવલોકન-અભ્યાસ થવા જરૂરી છે. લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર કવીન્દ્ર ગુપ્તાએ કહ્યું, નેપાળની આમાં સંડોવણી છે. સાત વ્યક્તિની ધરપકડ થઈ છે. આ સ્થિતિમાં સરકાર અને પ્રશાસનનું ઉત્તરદાયિત્વ તો બન્ને રીતે છે. માધ્યમો અને પ્રજા આ આંદોલનોને કેવી રીતે જોવે છે તે અગત્યનું છે. પ્રશ્નોના ઉકેલ માટે પ્રજા સીધી જ કોઈ સરકારની સામે આવી જાય તેવું બને, ઈતિહાસના પાને પણ એવું દર્જ છે. શાસન સામે હાથ ઊંચા થવા અને કોઈનો હાથો બનીને હાથ ઊંચા થવા બન્ને સ્થિતિમાં ફેર છે. હિંસક આંદોલન કોઈ એક વર્ગ-વિચારને ફાયદો કરાવી શકે તો કરાવી શકે, પરંતુ દેશ માટે તે નુકસાનકારક છે. લેહ-લદ્દાખમાં જે કંઈ થઈ રહ્યું છે તે રોકાવું જોઈએ, પ્રશ્નોનો ઉકેલ સત્વરે આવે તે પણ જરૂરી છે, જ્યાં સુધી તે ન ઉકેલાય ત્યાં સુધી શાંતિ સ્થપાય તે અનિવાર્ય છે. આંદોલનકર્તા સોનમ વાંગચૂકની અટક પછી સ્થિતિ થાળે પડે એવી સંભાવના પણ છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદા ઓલ ટાઈમ હાઈને સ્પર્શી ભાવમાં કડાકો બોલાયોઃ બુલડેક્સ ફ્યુચર્સ ૨૫૫ પોઈન્ટ ઘટ્યો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૫૫૧૩.૧૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૫૪૮૧.૦૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૫૧૧૯૭.૫૯ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૬૦૯૯૬.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૫૫૧૩.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૫૪૮૧.૦૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૧૦૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૧૪.૨૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૫૧૧૯૭.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૬૮૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૭૭૮૮ના ઉચ્ચત્તમ સ્તર અને નીચામાં રૂ.૧૧૫૪૬૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૬૩૪૪ના આગલા બંધ સામે રૂ.૩૬૯ ઘટી રૂ.૧૧૫૯૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૩૪ ઘટી રૂ.૯૩૦૮૦ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૫ ઘટી રૂ.૧૧૬૩૦ થયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૭ ઘટી રૂ.૧૧૫૩૮૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૬૪૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૭૭૭૭ અને નીચામાં રૂ.૧૧૫૧૯૩ના મથાળે અથડાઈ, રૂ.૧૧૫૯૭૪ના આગલા બંધ સામે રૂ.૩૨૩ ઘટી રૂ.૧૧૫૬૫૧ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૩૮૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૪૩૩૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૪૦૦૫૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૩૦૯૯ના આગલા બંધ સામે રૂ.૧૯૫૭ ઘટી રૂ.૧૪૧૧૪૨ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૮૯૪ ઘટી રૂ.૧૪૧૪૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૮૮૮ ઘટી રૂ.૧૪૧૩૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૩૪૦.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૩૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૮૯ અને નીચામાં રૂ.૩૭૧૭ના સ્તરને સ્પર્શી, રૂ.૨૮ વધી રૂ.૩૭૬૮ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૬૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૩૦ અને નીચામાં રૂ.૫૫૫૯ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૧૦ના આગલા બંધ સામે કોઈ ફેરફાર વગર રૂ.૫૬૧૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨ ઘટી રૂ.૫૬૧૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ ૮૦ પૈસા વધી રૂ.૨૯૧ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૯૦ પૈસા વધી રૂ.૨૯૧.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૬૨.૫ના ભાવે ખૂલી, ૩૦ પૈસા વધી રૂ.૯૬૫.૫ થયો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૫૪૦ના ભાવે ખૂલી, રૂ.૨૬ વધી રૂ.૨૪૮૮ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૭૯૩૧.૨૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૩૨૬૬.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૯.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૮૯૦.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૪૪૦.૯૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૩.૮૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૧૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૯૬૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૫૪૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૮૦૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૭૫૪૧૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૭૦૪૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૩૨૮૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૬૯૮૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૮૮૨૦૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૧૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૯૧૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૩૬૦૩ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૬૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૭૭૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૭૧૦૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૫૫ પોઈન્ટ ઘટી ૨૭૧૦૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૨ વધી રૂ.૧૬૯.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૦ પૈસા વધી રૂ.૧૭.૮ના ભાવે બોલાયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૧૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬ ઘટી રૂ.૧૨૮૦ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૯૧ ઘટી રૂ.૩૪૬૫ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૦૯ ઘટી રૂ.૧૭.૦૯ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬ પૈસા વધી રૂ.૮.૮ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪.૨ વધી રૂ.૧૫૦ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧ વધી રૂ.૧૭.૮ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧ ઘટી રૂ.૧૭૪૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૯૩.૫ ઘટી રૂ.૩૫૭૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૩ વધી રૂ.૧૬૬.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૧૬.૨ થયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨ વધી રૂ.૧૯૨૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૩૩.૫ વધી રૂ.૪૩૬૪ના ભાવે બોલાયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૧૯ વધી રૂ.૧૮.૦૧ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૨.૧ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૯૫ વધી રૂ.૧૬૮.૯૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા વધી રૂ.૦.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૩.૫ વધી રૂ.૨૧૦૨ થયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૨૦.૫ વધી રૂ.૪૧૮૦ના ભાવે બોલાયો હતો.

બાજરી, જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩૦૦ નું બોનસ અપાશે

# ખેડૂતો પાસેથી ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે તા. ૦૧ નવેમ્બરથી ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે

**તા. ૧ થી ૩૧ ઓકટોબર ૨૦૨૫ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા ઓનલાઈન નોંધણી કરાશે**

રાજ્ય સરકાર હર હંમેશ ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ અભિગમ ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે. જેમાં રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫- ૨૬ માં લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની સીધી ખરીદી કરવામાં આવશે.

લઘુતમ ટેકાના ભાવે ખરીદી માટે આ વર્ષે ડાંગર-કોમન માટે રૂ. ૨૩૬૯ પ્રતિ ક્વિન્ટલ, ગ્રેડ-એ ડાંગર માટે રૂ. ૨૩૮૯ પ્રતિ ક્વિ.,મકાઈ રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વિ., બાજરી રૂ.૨,૭૭૫ પ્રતિ ક્વિ., જુવાર-હાઈબ્રીડ રૂ. ૩,૬૯૯ પ્રતિ ક્વિ., જુવાર –માલદંડી રૂ.૩,૭૪૯ પ્રતિ ક્વિ. તથા રાગી માટે રૂ. ૪,૮૮૬ પ્રતિ ક્વિન્ટલની કિંમત નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત બાજરી,જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦નું બોનસ પણ આપવામાં આવશે.

લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવાની રહેશે. જેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે આવતીકાલ તા. ૧ થી ૩૧ ઓકટોબર ૨૦૨૫ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ નોંધણી કરવામાં આવશે. આ કૃષિ પાકોની ટેકાના ભાવે ખરીદી તા. ૧ નવેમ્બર ૨૦૨૫ થી તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરવામાં આવશે.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે નોંધ ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યના જે ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓએ ઓનલાઈન નોંધણી કરાવવી ફરજીયાત છે, જે માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખેડૂત મિત્રોને નિગમ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

વધુમાં ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલ ખેડૂતોને જીસ્જી મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે.

ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ દસ્તાવેજ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/ કાઉન્ટર છોડતા પહેલા ખેડૂતોએ ખાસ કાળજી લેવાની રહેશે.

દસ્તાવેજ/ડોક્યુમેન્ટ્સની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો જે તે ખેડૂતનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહિ.

નોંધણી બાબતે વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે, તેમ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની યાદીમાં જણાવાયું છે.

- ઋચા રાવલ

૮ સભ્યોની સમિતિ રચાઈ

# ગુજરાતમાં ટ્યુશન ક્લાસીસ પર નિયંત્રણ માટે કાયદો બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં એક મોટો ફેરફાર લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસીસ પર નિયંત્રણ લાવવા માટે ટૂંક સમયમાં જ એક કાયદો લાગુ કરવામાં આવશે. આ કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ(GSEB)ના અધ્યક્ષના વડપણ હેઠળ એક વિશેષ સમિતિની રચના કરાઈ છે.

આ કમિટીમાં કુલ ૮ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિમાં શિક્ષણ વિભાગના નાયબ સચિવ, કમિશ્નર, શાળાઓના નિયામક અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાત વ્યક્તિઓને સામેલ કરાશે. આ આઠ સભ્યોની સમિતિ ખાનગી ટ્યુશન વર્ગો માટે નિયમો અને ધારાધોરણોનો મુસદ્દો તૈયાર કરશે.

આ કાયદો ટ્યુશન ક્લાસની ફી, અભ્યાસક્રમ, સલામતીના ધોરણો અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવામાં મદદ કરશે. આ ડ્રાફ્ટ કાયદાનો મુખ્ય હેતુ શિક્ષણ ક્ષેત્રમાં પારદર્શકતા અને જવાબદારી લાવવાનો છે, જે સુપ્રીમ કોર્ટના નિર્દેશોને અનુરૂપ હશે. આ કાયદો લાગુ થયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓને આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે થતાં શોષણથી રક્ષણ મળશે તેવી આશા છે. આ કાયદો ખાનગી ટ્યુશન ક્લાસની મનમાની પર લગામ કસશે અને એક સુવ્યવસ્થિત શિક્ષણ પ્રણાલી સ્થાપિત કરવામાં મદદ કરશે.

આ કાયદાનો મુસદ્દો અંતિમ મંજૂરી અને અમલીકરણ માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને સુપરત કરવામાં આવશે. સરકારની મંજૂરી બાદ આ કાયદો લાગુ થશે, જે ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં એક નવો અધ્યાય શરુ કરશે.

# GFL કંપનીમાં ફરી ગેસ લીકેજ, જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા નજીક આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ કંપની (GFL) માં ફરી એકવાર ગેસ લીકેજ થવાની ગંભીર ઘટના સામે આવી છે. થોડા જ દિવસો પહેલા જ્યાં ગેસ લીકેજના કારણે ૨ શ્રમિકોના મોત થયા હતા અને ૧૧ જેટલા કામદારો ઘાયલ થયા હતા, ત્યાં ફરીથી આ પ્રકારની ઘટના બનતાં સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. ગેસ લીકેજની જાણ થતાં જ આસપાસના વિસ્તાર, ખાસ કરીને રણજીતનગરમાં દોડધામ મચી ગઈ હતી. કંપની મેનેજમેન્ટની બેદરકારીને કારણે આ પુનરાવર્તિત ઘટનાએ ગંભીર સવાલો ઊભા કર્યા છે.

આ કંપનીમાં વારંવાર ગેસ લીકેજ થવાની ઘટનાઓ બનતાં આસપાસના ગામોના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગેસ લીક થવાની જાણ થતાં જ મોટી સંખ્યામાં લોકોના ટોળાં કંપનીના ગેટ પાસે ઉમટી પડ્યા હતા. લોકોએ પોતાની અને પોતાના પરિવારની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી.

સ્થાનિકોનું કહેવું છે કે, અગાઉની દુર્ઘટનામાંથી પણ કંપની મેનેજમેન્ટે કોઈ બોધપાઠ લીધો નથી અને સુરક્ષાના માપદંડોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. સ્થાનિક વહીવટી તંત્ર તાત્કાલિક આ બાબતે કડક કાર્યવાહી કરે તેવી માંગણી કરવામાં આવી છે.

સતત બે મોટી ગેસ લીકેજની ઘટનાઓ બાદ GFL કંપનીની સુરક્ષા વ્યવસ્થા અને બેદરકારી ખુલ્લી પડી છે. સવાલ એ છે કે, અગાઉ દુર્ઘટના સર્જાઈ હોવા છતાં કંપનીને ફરીથી આવી જ બેદરકારી દાખવવાની છૂટ કોણે આપી? વહીવટી તંત્ર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે આ મામલે તાત્કાલિક તપાસના આદેશ આપીને ગેસ લીકેજના ચોક્કસ કારણની તપાસ કરવી જોઈએ. કંપનીના જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરીને સ્થાનિક રહેવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી આવશ્યક છે.

જાંબુ ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે

# લીંબડીના જાંબુ ગામે હથિયારો અને ધોકા વડે ઘરમાં બંધ પરિવાર પર હિંસક હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના જાંબુ ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં એક પરિવાર પર કેટલાક અસામાજિક તત્વો દ્વારા હથિયારો અને ધોકા વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. જાંબુ ગામે કોઈક અંગત કે અન્ય કારણોસર એક ઘરમાં રહેલા લોકો પર કેટલાક હુમલાખોરો તૂટી પડ્યા હતા.

હુમલો કરનારાઓએ ઘરમાં પુરાઈ રહેલા લોકોને પણ નિશાન બનાવ્યા હતા. જેના કારણે જાણે ગુનેગારોને પોલીસનો ડર ન રહ્યો હોય તેવો ઘાટ સર્જાયો હતો. આ હુમલામાં બે લોકો ઘાયલ થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તહેવારોના પવિત્ર માહોલમાં જ હુમલાની આ ઘટના બનતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઊભા થયા છે.

આ સમગ્ર મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જોકે સંદેશ ન્યૂઝ આ વાયરલ વીડિયોની પુષ્ટિ કરતું નથી. તેમ છતાં વીડિયોમાં દેખાતા દ્રશ્યો ગામમાં ગંભીર પ્રકારની હિંસા થઈ હોવાના સંકેત આપે છે. પોલીસ દ્વારા આ ઘટના અંગે તાત્કાલિક તપાસ હાથ ધરીને હુમલાખોરોને ઝડપી પાડવા અને કાયદેસરની કાર્યવાહી કરવાના પગલાં લેવામાં આવે તે જરૂરી છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લાઠી ખાતેના સંતોકબા મેડિકલ સેન્ટરની મુલાકાત લઈ આરોગ્ય સેવાઓનું નિરીક્ષણ કર્યું

**રાજ્યપાલશ્રીએ રાહત દરે ગ્રામીણ વિસ્તારના લોકોને આરોગ્ય સેવાઓ પૂરી પાડવા બદલ ટ્રસ્ટી મંડળને અભિનંદન પાઠવ્યા**





રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન આજે લાઠી ખાતે રાહત દરે આરોગ્ય સેવાઓ પૂરી પાડતાં સુવિધાસભર સંતોકબા મેડિકલ સેન્ટરની મુલાકાત લઈને તેમના દ્વારા આપવામાં આવતી આરોગ્ય સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ આરોગ્ય કેન્દ્રની મુલાકાત દરમિયાન લેબોરેટરી, એક્સ રે, ઓ.પી. ડી. રૂમ, ફિઝિયોથેરાપી સહિતના વિભાગની આરોગ્ય સેવાઓની પ્રત્યક્ષ વિગતો જાણી હતી, સાથે જ દર્દીઓ અને તબીબી સ્ટાફના પ્રતિભાવો મેળવી, તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

રાજ્યપાલશ્રીએ પ્રસાદ સેવા પૂરી પાડતાં રસોડા વિભાગના કર્મચારીઓ સાથે પણ મુલાકાત કરીને તેમના સેવાકીય કાર્યને બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

રાજ્યપાલશ્રીને સંતોકબા લાલજી દાદા ધોળકિયા વેલ્ફેર ટ્રસ્ટના મોભી શ્રી રાકેશભાઈ ધોળકિયાએ આ આરોગ્યની કેન્દ્રની સેવાઓથી અવગત કર્યા હતા. વધુમાં રાજ્યપાલશ્રીએ રાહત દરે ગ્રામીણ વિસ્તારના લોકોને આરોગ્ય સેવાઓ પૂરી પાડવા બદલ ટ્રસ્ટી મંડળને અભિનંદન પાઠવ્યા હતા.

આ તકે જિલ્લા કલેકટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત, પદ્મ શ્રી સવજીભાઈ ધોળકિયા, પ્રાંત અધિકારી શ્રી બ્રહ્મભટ્ટ, ટ્રસ્ટી સર્વ શ્રી ભાવેશભાઈ લાઠીયા, ઘનશ્યામભાઈ શંકર, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

"સહકાર દ્વારા સમૃદ્ધિ"

# વર્ષ ૨૦૨૩થી અત્યારસુધીમાં નવી ૪૭૬ PACS, ૬૯૧ દૂધ મંડળીઓ અને ૨૨ મત્સ્ય મંડળીઓની રચના

## આગામી બે વર્ષમાં રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને PACSની સેવાઓથી આવરી લેવાનું આયોજન

રાજ્યના ખેડૂતો-પશુપાલકોની આવક બમણી કરવા, ગ્રામીણ વિસ્તારોમાં સેવાઓનું વિસ્તરણ કરવા અને સહકારી સંસ્થાઓને આધુનિક બનાવવાના હેતુસર ગુજરાતમાં ૧૦,૯૫૭ PACS થકી ૧૩,૮૭૫ પંચાયતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જાન્યુઆરી, ૨૦૨૩થી અત્યારસુધીમાં રાજ્યમાં નવી ૪૭૬ PACS, ૬૯૧ દૂધ મંડળીઓ અને ૨૨ મત્સ્ય મંડળીઓની રચના પણ કરવામાં આવી છે. આમ, આગામી ૨ વર્ષમાં રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને પ્રાઈમરી એગ્રીકલ્ચર ક્રેડિટ સોસાયટી-PACSની સેવાઓથી આવરી લેવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે.

'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં સહકારી ક્ષેત્રને વધુ મજબૂત તેમજ વ્યાપક બનાવવા માટે વિવિધ યોજનાઓ અને પહેલ સુપેરે અમલમાં મુકવામાં આવી રહી છે. જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના માર્ગદર્શનમાં રાજ્યમાં નવી PACSની રચના અને નાણાકીય સહાય યોજના, અનાજ સંગ્રહ યોજના, PMKSK, પાણી સમિતિ, CSC અને FPS સેવાઓ, જન ઔષધિ કેન્દ્ર, વ્યાજ રાહત અને પ્રોત્સાહન જેવી વિવિધ યોજનાઓ કાર્યરત કરવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા નવી PACSને ફર્નિચર ખરીદી માટે ૮૦ ટકા અથવા રૂ. ૧૦ હજારની સહાય તેમજ શેર કેપિટલ માટે મહત્તમ રૂ. ૫૦ હજારની સહાય આપવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોને ત્રણ વર્ષમાં રૂ. ૫૦ હજારની સહાય પણ આપવામાં આવશે.

ભારતમાં અનાજ સંગ્રહ ક્ષમતાની અછતને પહોંચી વળવા માટે ગુજરાતમાં ૯૨ PACSની પસંદગી કરવામાં આવી છે, જે પૈકી ૫૪ PACSના DPR તૈયાર થઈ ગયા છે. જેમાંથી ૧૪ PACS માટેની લોન પણ મંજૂર થઈ ગઈ છે.

વધુમાં, રાજ્ય સરકાર દ્વારા ૫૦૦ મેટ્રિક ટનથી વધુ ક્ષમતાના ગોડાઉન માટે પ્રોજેક્ટ કોસ્ટના ૫૦ ટકા અથવા રૂ. ૫૦ લાખની સહાય આપવામાં આવે છે. ઉપરાંત ગોડાઉન કે અન્ય માળખાકીય સુવિધા વિકસાવવા માટે PACSને ૨,૫૦૦ ચોરસ મીટર જમીન ૧૦ ટકા જંત્રી દરે ફાળવવામાં આવે છે.

પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર-PMKSK અંતર્ગત રાજ્યમાં ૩,૩૨૮ PACSને અપગ્રેડ કરવામાં આવી છે. આ ઉપરાંત પાણી સમિતિ યોજના અંતર્ગત ૧૯૫ PACSની પસંદગી કરવામાં આવી છે. જે પૈકી ૭૫ PACSના પંચાયત સાથે કરાર કરવામાં આવ્યા છે, જેમાંથી ૫૭ PACSમાં કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. વધુમાં, કોમન સર્વિસ સેન્ટર-CSC માટે કુલ ૩,૭૦૯ PACS ઓનબોર્ડ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં કુલ ૭ PACS દ્વારા જન ઔષધિ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે. જેમાં માસિક ૨૦ ટકાના વેચાણ પર રૂ. ૧૫ હજારની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા PACSને રૂ. ૨૫ લાખ સુધીના કેશ ક્રેડિટ પર પાંચ ટકા વ્યાજ રાહત આપવામાં આવે છે. PACSને સારી કામગીરી માટે જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે અનુક્રમે રૂ. ૫ લાખ, રૂ. ૩ લાખ અને રૂ. ૧ લાખના ઈનામ, જ્યારે તાલુકા કક્ષાએ પ્રથમને રૂ. ૧ લાખ ઈનામ આપવામાં આવશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં 'સહકાર મંત્રાલય' દ્વારા સમગ્ર ક્ષેત્રના વિકાસ માટે ત્રણ નવી નેશનલ લેવલની સહકારી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. આ ઉપરાંત સેવા સહકારી મંડળીના બહુ આયામી વિકાસ માટે મોડેલ કો-ઓપરેટિવ બાયલોઝ, પેક્સ કમ્પ્યુટરાઈઝેશન, બે લાખ નવી પેક્સનું નિર્માણ, વિશ્વનો સૌથી મોટો ગ્રેઈન સ્ટોરેજ પ્રોગ્રામ, પેક્સને કોમન સર્વિસ સેન્ટર-CSC બનાવવી, ૧૧૦૦ નવા FPOની રચના, પેક્સને પેટ્રોલ પંપ, LPG ડીલરશીપમાં અગ્રતા, ખાતર, જન ઔષધિ કેન્દ્ર જેવા ધંધામાં વૈવિધ્યકરણની યોજનાઓ તથા સોલાર માટેની યોજનાનો અમલ કરાવવા જેવા ૪૫ જેટલા નવીન પગલાઓ પણ લેવામાં આવ્યા છે.

- જીગર બારોટ

# ભાવનગર રેલવે મંડળ પર "રાજભાષા માસ–૨૦૨૫"નું સફળ આયોજન



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ પર ૧૪ સપ્ટેમ્બરના અવસરે મંડળ કચેરી તથા મહત્વપૂર્ણ સ્ટેશનો પર હિન્દી દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગરની મંડળ કચેરીમાં તા. ૦૧-૦૯-૨૦૨૫ થી તા. ૩૦-૦૯-૨૦૨૫ સુધી રાજભાષા માસ ૨૦૨૫ ઉજવાયો હતો.

આ અવસરે કર્મચારીઓ માટે ૦૪ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં ૧૦૨ કર્મચારીઓએ મોટા ઉત્સાહથી ભાગ લીધો હતો.

આ ઉપરાંત વિભાગવાર રાજભાષા પ્રદર્શની પણ યોજાઈ હતી જેમાં તમામ વિભાગોએ તેમના વિભાગોમાં થઈ રહેલા હિન્દી કાર્યોનું પ્રદર્શન કર્યું હતું. મંડળ કચેરી સિવાય સ્ટેશન રાજભાષા અમલ સમિતિ – ભાવનગર ટર્મિનસ, ભાવનગર પારા, ધોળા, બોટાદ, જેતલસર, જૂનાગઢ, વેરાવળ તથા પોરબંદર દ્વારા પણ હિન્દી દિવસના અવસરે હિન્દી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રીતે સમગ્ર ભાવનગર મંડળમાં રાજભાષા હિન્દીનો ઉત્સાહભર્યો અને અભૂતપૂર્વ વાતાવરણ સર્જાયું હતું.

ભાવનગર રેલવે મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું કે મંડળ કચેરીમાં તા. ૩૦-૦૯-૨૦૨૫ના રોજ રાજભાષા માસ ૨૦૨૫નું સમાપન અને પુરસ્કાર વિતરણ સમારોહ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માજીની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં સ્પર્ધાના વિજેતાઓ, વિવિધ પ્રોત્સાહન યોજનાઓમાં ભાગ લઈને પુરસ્કાર મેળવનાર અધિકારીઓ-કર્મચારીઓ સાથેસાથે આ આયોજનમાં સહકાર આપનાર કર્મચારીઓને મંડળ રેલ પ્રબંધક મહોદયના કરકમલોથી નગદ પુરસ્કાર તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ અવસરે ઉપ મુખ્ય રાજભાષા અધિકારી તથા અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માજીએ સૌને અભિનંદન પાઠવતા જણાવ્યું કે રાજભાષાના પ્રચાર-પ્રસાર માટે સૌએ વધુમાં વધુ યોગદાન આપવું જોઈએ જેથી ભાવનગર મંડળનું નામ ઉજ્જ્વળ થાય. કાર્યક્રમના અધ્યક્ષ તથા મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માજીએ ઉપસ્થિત અધિકારીઓ-કર્મચારીઓને તેમના સાંવિધાનિક દાયિત્વોનું નિર્વહ કરતાં વધુમાં વધુ કાર્ય હિન્દીમાં કરવા વિનંતી કરી અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે રાજભાષાના પ્રચાર-પ્રસાર માટે સૌ યોગદાન આપતા રહેશે.

રાજભાષા માસ ૨૦૨૫નું સફળ આયોજન અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માજીના અમૂલ્ય માર્ગદર્શન હેઠળ શ્રી રામપ્રીત મૌર્ય, મંડળ વિજળી ઈજનેર (ટીઆરડી) તેમજ રાજભાષા વિભાગના વરિષ્ઠ અનુવાદક શ્રી પરેશ બી. મજીઠિયા, કનિષ્ઠ અનુવાદક શ્રી નરપતસિંહ અને કચેરી અધ્યક્ષ શ્રી બી. એન. ડાભી દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમનું સુચારૂ સંચાલન વરિષ્ઠ અનુવાદક શ્રી પરેશ બી. મજીઠિયાએ કર્યું તથા આભાર જ્ઞાપન શ્રી બી. એન. ડાભીએ કર્યું.

# ગુજરાતના જાહેર ક્ષેત્રના 'રત્નો'નું નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ છ મહિનામાં શ્રેષ્ઠ પ્રદર્શન, સેન્સેક્સ અને નિફ્ટીને પાછળ છોડ્યા

ગુજરાતના જાહેર ક્ષેત્રના સાહસો (PSUs), જેમને 'ગુજરાતના રત્નો' તરીકે ઓળખવામાં આવે છે, તેમણે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ છ મહિનામાં સ્ટોક એક્સચેન્જ પર શાનદાર પ્રદર્શન કર્યું છે, અને BSE સેન્સેક્સ તેમજ NSE નિફ્ટી જેવા બેન્ચમાર્ક સૂચકાંકોને પાછળ છોડી દીધાં છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના ઔદ્યોગિક અને ઊર્જા ક્ષેત્રના જાહેર સાહસોએ સ્થિતિસ્થાપકતા, વ્યૂહાત્મક વૃદ્ધિ અને રોકાણકારોનો દૃઢ વિશ્વાસ પ્રદર્શિત કર્યો છે, જે રાજ્યના આર્થિક વિકાસના પાયા તરીકેની તેમની ભૂમિકાને મજબૂત બનાવે છે.

શેરબજારોમાંથી સંકલિત થયેલા ડેટા મુજબ, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GSFC), ગુજરાત ગેસ લિમિટેડ, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ (GSPL) અને ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC) એ ૨૮ માર્ચથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન સકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે, પોતાના શેરના ભાવમાં ૧૨૫.૧૭% નો અસાધારણ ઉછાળો નોંધાવીને GMDC શ્રેષ્ઠ પ્રદર્શનકાર તરીકે ઉભરી આવ્યો છે, જે રૂા.૨૬૫.ઉપથી વધીને રૂા.૫૯૭.૫૦ થયો છે. તેનાથી વિપરીત, આ જ સમયગાળા દરમિયાન BSE સેન્સેક્સ ૩.૬૮% અને નિફ્ટી ૪.૬૪% વધ્યો, જે ગુજરાતના જાહેર ક્ષેત્રના એકમોનું દમદાર પ્રદર્શન દર્શાવે છે. કેન્દ્રીય સ્તરે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વ્યૂહાત્મક સુધારા, સ્પષ્ટ નીતિઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કરવામાં આવેલા બદલાવની સીધી અસર ગુજરાતના જાહેર એકમોના વિકાસમાં પ્રતિબિંબિત થાય છે. નવા ઉદ્યોગો, ઊર્જા સુરક્ષા અને માઈનીંગમાં ટકાઉ પ્રથાઓ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતાના લીધે રોકાણકારોને લાભ થયો છે અને લાંબા ગાળાના ફાયદા સુનિશ્ચિત થયા છે. આ ગુજરાતના રત્નો માત્ર આર્થિક સંપત્તિ નથી પરંતુ ગુજરાતના સુશાસન અને ઔદ્યોગિક ક્ષેત્રમાં દૂરંદેશીના પ્રતીક છે. આ આંકડાઓથી એ સ્પષ્ટ છે કે રોકાણકારોને જાહેર એકમોમાં ગાઢ ભરોસો છે. GMDCના વેલ્યુએશનમાં થયેલો વધારો સ્પષ્ટ છે, જેની પાછળ ખનિજોની વૈશ્વિક માંગ અને મુખ્ય માઈનિંગ ક્ષેત્રોમાં નિગમ દ્વારા કરવામાં આવેલું વ્યાપક વિસ્તરણ કારણભૂત છે. GSFCનો નોંધપાત્ર વિકાસ પણ એ દર્શાવે છે કે તેનું માળખું મજબૂત છે અને આબોહવાની બદલાતી પરિસ્થિતિ અનુસાર કૃષિ સામગ્રીની માંગ વધી છે. ગુજરાત ભારતના ઔદ્યોગિક વિકાસનું નેતૃત્વ કરી રહ્યું છે ત્યારે જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સફળતા રાજ્યની આર્થિક પ્રગતિના કેન્દ્ર તરીકેની છબીને મજબૂત બનાવે છે. એક દૂરંદેશી અને મજબૂત નેતૃત્વ સાથે, ગુજરાતના રત્નો ભવિષ્યમાં વધુ મજબૂત બનવા માટે તૈયાર છે.

SAPTI ગુજરાતના પથ્થર શિલ્પકળા ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસને આપી રહ્યું છે વેગ

# વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (મહેસાણા) ઉત્તર ગુજરાતમાં કૌશલ્ય વિકાસના મહત્વને ઉજાગર કરશે

## આકરી મહેનત સપનાઓને હકીકતમાં પલટે છે, જાણો એક યુવા વિદ્યાર્થી કુલદીપસિંહ રાઠોડની સાફલ્યગાથા

નવી પેઢીને કૌશલ્ય વિકાસ માટે પ્રોત્સાહન આપવું એ આજે રાષ્ટ્રીય જરૂરિયાત છે, અને આત્મનિર્ભર ભારતનો પાયો છે. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણકામ વિભાગ તેમજ ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ કમિશનરની કચેરી, ગાંધીનગર દ્વારા સ્થાપિત SAPTI (સ્ટોન આર્ટિસન પાર્ક ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ) સંસ્થા રાજ્યના પથ્થરકલા ઉદ્યોગની સંભાવનાઓનો ઉપયોગ કરે છે અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પરિકલ્પિત વિકસિત ભારત @૨૦૪૭ના મંત્રને અનુસરીને પથ્થરકલા અને શિલ્પ-સ્થાપત્યના મૂલ્યવાન વારસાને આગળ ધપાવે છે.

માનનીય વડાપ્રધાનશ્રીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનને ધ્યાનમાં રાખીને SAPTIનો ઉદ્દેશ ગુજરાતના પથ્થરકલા ઉદ્યોગની ક્ષમતાઓનો મહત્તમ ઉપયોગ કરવાનો તેમજ પથ્થરકલા અને સ્થાપત્યના સમૃદ્ધ વારસાને આગળ ધપાવવાનો છે. રાજ્યએ બે આર્ટિઝન પાર્ક્સ સ્થાપિત કર્યા છે- એક અંબાજી (બનાસકાંઠા જિલ્લો) ખાતે અને બીજો ધ્રાંગધ્રા (સુરેન્દ્રનગર જિલ્લો) ખાતે. ઉત્તર ગુજરાતમાં સ્થિત SAPTI-અંબાજી આરસના શિલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે



ગુજરાતના સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં સ્થિત SAPTI-ધ્રાંગધ્રા રેતી-પથ્થરના શિલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

સ્ટોન આર્ટિઝન પાર્ક ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (SAPTI) એ ૨૦૨૨ અને ૨૦૨૫ દરમિયાન તેના ઉપર્યુક્ત બંને કેન્દ્રો પર કુલ ૯૪૫ ઉમેદવારોની નોંધણી કરી છે. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૫ સુધીમાં, કુલ ૩૦૭ ઉમેદવારો અંબાજી કેન્દ્રમાંથી સફળતાપૂર્વક સ્નાતક થયા છે. તેવી જ રીતે, ધ્રાંગધ્રા કેન્દ્રમાંથી, ૩૩૧ ઉમેદવારો સફળતાપૂર્વક સ્નાતક થયા છે.

● કુલદીપસિંહ રાઠોડની સાફલ્યગાથા

અંબાજીના યુવાન વિદ્યાર્થી કુલદીપસિંહ પ્રવિણસિંહ રાઠોડે ૧૦મું ધોરણ પૂર્ણ કર્યા પછી સપ્તી અંબાજીમાં સ્ટોન ક્રાફ્ટ અને ડિઝાઈન કોર્ષમાં પ્રવેશ મેળવ્યો હતો. કુલદીપસિંહ ગરીબ પરિવારમાંથી આવે છે. માસિક ફક્ત રૂા.૨૨ હજારની આવકમાં તેમના માતા-પિતા અને બે ભાઈઓનું ગુજરાન ચલાવવું પડે છે. આવા પડકારો છતાં, કુલદીપસિંહે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરવાનું સ્પષ્ટ સ્વપ્ન જોયું.

તાલીમની શરૂઆતમા અદ્યતન ડિઝાઈન પદ્ધતિઓ અને પથ્થર કોતરણી તકનીકોની સમજ કેળવવામાં તેમને મુશ્કેલી પડી. પરંતુ સતત અભ્યાસ અને સપ્તીના નિષ્ણાત શિક્ષકોના માર્ગદર્શન હેઠળ તેમણે કૌશલ્યની તાલીમ લેવાનું ચાલું રાખ્યું. તેમની ઈચ્છાશક્તિ અને મહેનતથી કુલદીપસિંહ એક નિષ્ણાત કારીગર અને લેથ મશીન ઓપરેટર બન્યા તેમજ પોતાનો વ્યવસાય શરૂ કરવાનો આત્મવિશ્વાસ જાગ્યો.

આજે, તેઓ દર મહિને લગભગ રૂા.૨૫,૦૦૦ કમાય છે, જેનાથી તેમના પરિવારને આર્થિક મદદ મળી છે. ભવિષ્યમાં કુલદીપસિંહ પોતાના વ્યવસાયને આગળ લઈ જવા માટે એક ક્રાફ્ટ સ્ટુડિયો બનાવવા માંગે છે જેમાં સર્જનાત્મકતા, પરંપરાગત કળા અને આધુનિક ડિઝાઈનનું મિશ્રણ થઈ શકે.

કુલદીપસિંહ માને છે કે સખત મહેનત અને સમર્પણ સૌથી મુશ્કેલ પડકારોને પણ તકોમાં ફેરવી શકે છે.

સપ્તી દ્વારા એકતા શિલ્પ સિમ્પોઝિયમ ૨૦ જુલાઈથી ૮ ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાયો હતો. સમગ્ર ભારતમાંથી ૨૪ શિલ્પકારોએ આરસપહાણની બેનમૂન કૃતિઓ બનાવી હતી જેમાં પરંપરાગત અને આધુનિક શૈલીઓનો સમન્વય હતો. તેમણે પ્રકૃતિ, જળ અને એકતાની થીમ પર આ કૃતિઓ તૈયાર કરી હતી. આ સિમ્પોઝિયમ દરમિયાન તૈયાર થયેલા ૧૬ શિલ્પોને વડાપ્રધાનશ્રીએ જાહેર જનતાને સમર્પિત કર્યા હતા. આ સિમ્પોઝિયમના માધ્યમથી આ ક્ષેત્રમાં સપ્તીની ભૂમિકા વધુ મજબૂત બનવાની સાથે ભારતના સમૃદ્ધ વારસા વિશે જાગરૂકતા લાવવામાં મદદ મળી હતી.

સપ્તીનો ઉદ્દેશ્ય કૌશલ્ય વિકાસ, શિક્ષણ, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપીને દેશની શિલ્પકલાને મજબૂત બનાવીને તેનું જતન કરવાનો છે. ૯-૧૦ ઓક્ટોબરના રોજ ઉત્તર ગુજરાત (મહેસાણા)માં યોજાનાર આગામી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં આ પહેલ મુખ્ય ભૂમિકા ભજવશે. આ કાર્યક્રમના પહેલા દિવસે, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા એક વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે.

CID ક્રાઈમે કરી ધરપકડ

# કરોડોની ઠગાઈ આચરનાર બોગસ તબીબ ઝડપાયો

## મેડિકલ કાઉન્સિલના અન્ય તબીબના સર્ટિફિકેટ પર પોતાની વિગતો દર્શાવી તેનો ઉપયોગ કરનારા આ ઠગબાજે અનેક લોકોને રોકાણના નામે છેતરી વિશ્વાસઘાત કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભુજ

ભુજમાં ભાડાની દુકાનમાં 'કાજાણી હોસ્પિટલ' શરૂ કરી લોકોને આરોગ્ય સાથે ચેડાં કરવા ઉપરાંત બિઝનેસ પાર્ટનર બનાવવાની લાલચ આપી કરોડો રૂપિયાની ઠગાઈ આચરનાર બોગસ તબીબ જૈનુલ અમીરઅલી કાજાણીની સીઆઈડી (ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ) ક્રાઈમ પોલીસે ધરપકડ કરી છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલના અન્ય તબીબના સર્ટિફિકેટ પર પોતાની વિગતો દર્શાવી તેનો ઉપયોગ કરનારા આ ઠગબાજે અનેક લોકોને રોકાણના નામે છેતરી વિશ્વાસઘાત કર્યો હતો.

શિવાલિકા ગ્રુપના પ્રોપરાઈટર અને મેડિકલ ફાર્મા, એક્સપોર્ટ-ઈમ્પોર્ટ તથા રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા અંકિત અનુપગિરિ ગોસ્વામીએ જૈનુલ કાજાણી વિરુદ્ધ રૂપિયા ૧.૧૦ કરોડની છેતરાપિંડીની ફરિયાદ સીઆઈડી ક્રાઈમ પોલીસ સ્ટેશન (બોર્ડર ઝોન, ભુજ) ખાતે નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, અનવર બ્રેર નામના વ્યક્તિ દ્વારા કાજાણી સાથે ગોસ્વામીનો પરિચય થયો હતો. કાજાણીએ તેની અગાઉની કામગીરી અને ઓપરેશનના વિડિયો બતાવી વિશ્વાસ કેળવ્યો હતો અને ૫૦%ના ભાગીદાર બનાવવાની લાલચ આપી હતી.કાજાણીએ નવી હોસ્પિટલ માટે ભાડું અને સાધનો પાછળ કુલ રૂ. ૨.૫૦ કરોડની જરૂર હોવાનું જણાવી લોન માટે પ્રોપર્ટીનો ઉપયોગ કરવાનું કહી ગોસ્વામીને ભાગીદાર બનાવ્યા હતા. લોન પ્રક્રિયામાં સમય લાગતાં અને કાજાણીને તાત્કાલિક જરૂરિયાત હોવાથી ગોસ્વામીએ હોસ્પિટલના બેંક ખાતામાં શરૂઆતમાં રૂ. ૧૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા. ત્યાર બાદ મિત્રો પાસેથી લઈને જુદીજુદી બાબતે કુલ રૂ. ૧.૧૦ કરોડ આપ્યા હતા. જોકે, થોડા સમય પછી આ બોગસ તબીબ અચાનક હોસ્પિટલ બંધ કરીને નાસી છૂટ્યો હતો.આ મામલે સીઆઈડી ક્રાઈમે ત્વરિત કાર્યવાહી કરીને ઘનશ્યામનગર વિસ્તારમાં હોસ્પિટલ ખોલનારા અને કરોડોની ઠગાઈ આચરનારા જૈનુલ કાજાણીને ઝડપી પાડ્યો હતો. આરોપીને ભુજની ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે તેના પાંચ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

# ગવર્નમેન્ટ કોલોની પાસે બિલ્ડિંગની અગાસી ધરાશાયી થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં દરિયાખાન ઘુમ્મટ પાસે આવેલી ગવર્નમેન્ટ કોલોની નજીક એક બિલ્ડિંગની અગાસી અચાનક ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં બે મહિલાઓ ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી છે. ગવર્નમેન્ટ કોલોનીની બાજુમાં આવેલી આ બિલ્ડિંગનો ઉપરનો ભાગ તૂટી પડ્યો હતો. ઘટના બનતાની સાથે જ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર વિભાગની ટીમે ઝડપથી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને કાટમાળ નીચે ફસાયેલી બે ઈજાગ્રસ્ત મહિલાઓને બહાર કાઢી હતી. ઈજાગ્રસ્ત બંને મહિલાઓને એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ મોકલી દેવામાં આવી હતી. સદનસીબે સમયસર ફાયર ટીમની કામગીરીને કારણે મોટી જાનહાનિ ટળી હતી.



# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતના ઘરે સ્વયં ગાય દોહી





**રાજ્યપાલશ્રીએ લાઠીના પ્રતાપગઢ ગામે રાત્રિ રોકાણ બાદ વહેલી સવારે ગ્રામજનો સાથે સહજ સંવાદ પણ સાધ્યો**

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન લાઠી તાલુકાના પ્રતાપગઢ ગામે સરકારી પ્રાથમિક શાળાના એક સામાન્ય ઓરડામાં રાત્રિ રોકાણ કર્યું હતું.

રાજ્યપાલશ્રી ગ્રામીણ સંસ્કૃતિ સાથે તાદાત્મ્ય સાધીને વહેલી સવારે પ્રતાપગઢ ગામના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત શ્રી બીપીનભાઈ ભીખાભાઈ શંકરના ઘરે વહેલી સવારે પહોંચ્યા હતાં અને પ્રાકૃતિક ખેતી સાથે ગાયોના પાલન પોષણની વિગતો મેળવીને સ્વયં ગાય દોહી હતી. તેમજ પ્રતાપગઢના ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો.

# અંભેટા ગામના પાટીયા નજીક મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના દાંડી રોડ પર આવેલા અંભેટા ગામના પાટીયા નજીક મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં કારચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર કાંસમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં કાંસના પાણીમાં ડૂબી જવાથી બે યુવકોના કરૂણ મોત નીપજ્યા છે. મોડી રાત્રે પૂરપાટ ઝડપે જઈ રહેલી કારના ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો, જેના પરિણામે કાર રોડની બાજુમાં આવેલા કાંસમાં ખાબકી ગઈ હતી. અકસ્માત બાદ કાર કાંસના પાણીમાં ફસાઈ ગઈ હતી અને અંદર રહેલા બે યુવકો બહાર નીકળી શક્યા નહોતા, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ટીમે ભારે જહેમત બાદ બંને યુવકોના મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. આ યુવકોના મોતના સમાચારથી તેમના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

## કારમાં સવાર બે વ્યક્તિઓનો આબાદ બચાવ થયા

# પંચવટી પાસે AMTS બસચાલકે કારને મારી ટક્કર

## કારને ટક્કર વાગતાની સાથે જ કારની એર બેગ્સ ખુલી ગઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં AMTS બસચાલકોની બેફામ ડ્રાઈવિંગ ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. શહેરના પંચવટી પાંચ રસ્તા પાસે એક AMTS બસચાલકે બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ કરીને એક કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે કારને ભારે નુકસાન પહોંચ્યું હતું. શહેરમાં જાહેર પરિવહન સેવાના ચાલકોની આવી ગેરજવાબદાર વર્તણૂકને કારણે નાગરિકોની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા છે.

સદભાગ્યે, આ ગમખ્વાર અકસ્માતમાં કારમાં સવાર બે વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો. કારને ટક્કર વાગતાની સાથે જ કારની એર બેગ્સ ખુલી ગઈ હતી, જેના કારણે કારચાલક અને તેમની સાથેની વ્યક્તિને ગંભીર ઈજા થતાં બચી ગઈ હતી. જોકે, કારના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ઘટના ફરી એકવાર વાહનોમાં સુરક્ષાનાં સાધનો (Safªy Features) નું મહત્વ દર્શાવે છે. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોનું ટોળું ભેગું થયું હતું અને પોલીસને જાણ કરવામાં આવી હતી.

આ અકસ્માત બાદ ફરી એકવાર શહેરમાં AMTS અને BRTS બસચાલકોની બેફામ ડ્રાઈવિંગ સામે કડક પગલાં લેવાની માંગ ઊઠી છે. પ્રત્યક્ષદર્શીઓના મતે, બસચાલકની ઝડપ અને બેદરકારીના કારણે આ ઘટના બની હતી.

પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને બસચાલકની પૂછપરછ શરૂ કરી છે. લોકોની સલામતી માટે સત્તાવાળાઓ દ્વારા બસચાલકોની ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા અને બેદરકારી દાખવનારા સામે કડક સજા કરવા માટે તાત્કાલિક પગલાં લેવા અનિવાર્ય છે.

# પુત્રીના ઘેર ઊંઘવા ગયેલા દંપત્તિના ઘરમાંથી રોકડ અને દાગીનાની ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા નજીક આવેલા દુમાડ ગામમાં ત્રાટકેલા ચોરો સોના-ચાંદીના દાગીના સહિત આશરે પોણા બે લાખથી વધુ રકમની મત્તા ઉઠાવી ગયા હતા.

દુમાડમાં પંચાયત ઓફિસ પાછળ મોટા ફળિયામાં રહેતા અશોક બેચરભાઈ વાળંદે મંજુસર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું ઈલેક્ટ્રિકલના વ્યવસાય સાથે જોડાયેલો છું. છેલ્લા બે દિવસથી બીમાર હોવાના કારણે રાત્રે હું અને મારી પત્ની રક્ષાબેન બંને ગામમાં નીલકંઠ સોસાયટીમાં રહેતી પુત્રી જયશ્રીના ઘેર જઈએ છીએ અને સવારના પરત આવીએ છે. તારીખ ૨૮ ની રાત્રે ઘેર જમ્યા બાદ હું અને મારી પત્ની બંને જયશ્રીના ઘેર ગયા હતા. દરમિયાન સવારે મારા ઘરની ઉપર રહેતો નાનો ભાઈ પ્રકાશ આવ્યો હતો અને મને ઊંઘમાંથી જગાડી તેણે જણાવેલ કે તમારું ઘર કેમ ખુલ્લું છે. બાદમાં હું ઊઠીને ઘેર ગયો ત્યારે જાળીનો નકુચો તૂટેલો હતો અને લોક જણાયુ ન હતું બાદમાં ઘરની અંદર જઈને જોયું તો સામાન અસ્તવ્યસ્ત પડેલો હતો તેમજ બે તિજોરીના લોક પણ તૂટેલા હતા બંને તિજોરીમાંથી ચોરો રૂપિયા ૮૦,૦૦૦ રોકડ અને પત્નીના દાગીના મળી કુલ ૧.૮૫ લાખની ચોરી કરી હતી.

# કેશોદના અંડરબ્રિજમાંથી પાણી કાઢતા યુવકને કરંટ લાગ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના કેશોદમાં એક અત્યંત કરૂણ અને દુઃખદ ઘટના સામે આવી છે. ભારે વરસાદના કારણે પાણી ભરાયેલા અંડરબ્રિજમાંથી પાણી બહાર કાઢવાની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન કરંટ લાગવાથી એક યુવકનું મોત નીપજ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, પાણીમાં રહેલા ખુલ્લા વીજવાયરના સંપર્કમાં આવવાથી યુવકને જોરદાર કરંટ લાગ્યો હતો, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.યુવકના આ કરૂણ મોત બાદ સ્થાનિક લોકોમાં તંત્રની બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો સીધો આક્ષેપ છે કે, જાહેર સ્થળોએ વીજ કંપની દ્વારા ખુલ્લા અને જર્જરિત વીજવાયરોને સમયસર દૂર કરવાની કામગીરી ન કરવાને કારણે આ અકસ્માત સર્જાયો છે. આ પ્રકારની ગંભીર બેદરકારી સામે કડક પગલાં લેવા માટે લોકોએ માંગણી કરી છે.

ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતક યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.યુવકના આ અકાળે અવસાનથી તેના પરિવાર પર આભ ફાટી પડ્યું છે. સ્થાનિકો અને મૃતકના પરિવારજનોએ સરકાર સમક્ષ તાત્કાલિક ધોરણે મૃતકના પરિવારને યોગ્ય સરકારી સહાય ચૂકવવામાં આવે તેવી માંગણી કરી છે.

સાથે જ, આ દુર્ઘટના માટે જવાબદાર વીજ કંપનીના અધિકારીઓ અને કર્મચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં આવા અકસ્માતો ન થાય તે માટે અંડરબ્રિજ વિસ્તારમાં વીજળીના જોડાણોને સુરક્ષિત કરવામાં આવે તેવી પણ અપીલ કરવામાં આવી છે. લોકોનો રોષ અને દુઃખ જોતાં તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી કરવી જરૂરી છે.

# સુરત નજીક ટ્રેનના બે કોચ છૂટા પડી જતા પ્રવાસીઓના જીવ અદ્ધર થઈ ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

બાંદ્રા ટર્મિનસ-અમૃતસર એક્સપ્રેસ ટ્રેનના કોચ છૂટા પડી જતાં પ્રવાસીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પહેલી ઘટના મહારાષ્ટ્રના દહાણુ રેલવે સ્ટેશન પાસે બની હતી. બીજી ઘટના ગુજરાતના સંજાણ સ્ટેશન પર બની હતી. બે કોચ અલગ થઈ જતા મુસાફરો ચિંતિત થયા હતા જો કે કોઈ ઈજા કે જાનહાનિના અહેવાલ નથી.

મુંબઈથી અમૃતસર જતી ટ્રેનના બે કોચ અલગ થઈ ગયા છે. અહેવાલો અનુસાર, ચાલતી ટ્રેનના બે એસી કોચ અલગ થઈ ગયા હતા અને પાછળ રહી ગયા હતા. પશ્ચિમ એક્સપ્રેસ (ટ્રેન નંબર ૧૨૯૨૫) મુંબઈના બાંદ્રા ટર્મિનસથી અમૃતસર જઈ રહી હતી, જ્યાં તે થોડી મિનિટોમાં બે વાર અલગ થઈ ગઈ હતી.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ચાલતી ટ્રેન સાથેનો પહેલો અકસ્માત મહારાષ્ટ્રમાં અને બીજો ગુજરાતમાં થયો હતો. આ ઘટના દરમિયાન મુસાફરોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે સલામતી અંગે અનેક પ્રશ્નો ઉભા થયા હતા. સદનસીબે, એક મોટો અકસ્માત ટળી ગયો હતો. રેલ્વે વિભાગે તાત્કાલિક ટ્રેનથી અલગ થયેલા કોચ બદલી નાખ્યા હતા અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરી હતી. આ ઘટના દરમિયાન ટ્રેન પણ ત્રણ કલાક મોડી પડી હતી.

આ ટ્રેન ગઈકાલે, રવિવારે સવારે ૧૧:૩૫ વાગ્યે મુંબઈના બાંદ્રા ટર્મિનસથી અમૃતસર જવા માટે રવાના થઈ હતી. જ્યારે ટ્રેન બપોરે ૧:૧૫ વાગ્યે મહારાષ્ટ્ર પહોંચી ત્યારે એસી કોચ A૧ અને છ૨ અલગ થઈ ગયા હતા. ગુજરાત પહોંચ્યા ત્યારે પણ આ જ સમસ્યા ફરી શરૂ થઈ.

ટ્રેનના પાઈલટ અને અન્ય સ્ટાફે જાતે જ ટેકનિકલ સમસ્યાનું નિરાકરણ કર્યું અને ટ્રેન બપોરે ૧:૪૫ વાગ્યે રવાના થઈ. જોકે, થોડા જ અંતર પછી, કોચ ફરીથી અલગ થઈ ગયા. ગુજરાતના વલસાડથી ટેકનિકલ સ્ટાફને બોલાવવામાં આવ્યો. મુસાફરોને કોચમાંથી શિફ્ટ કરાવવામાં આવ્યા, અને નાસ્તો પણ આપવામાં આવ્યો.

ત્યારબાદ, મુસાફરોને સુરક્ષિત રીતે રવાના કરવામાં આવ્યા. ટ્રેન ત્રણ કલાક મોડી પડી હતી અને આજે રાત્રે અમૃતસર રેલ્વે સ્ટેશન પહોંચશે.

રેલવે વિભાગે જણાવ્યું હતું કે, ટ્રેન નંબર ૧૨૯૨૫ બાંદ્રા ટર્મિનસ-અમૃતસર પશ્ચિમ એક્સપ્રેસમાં વાણગાંવ અને દહાણુ રોડ સ્ટેશનો વચ્ચે A૧ અને A૨ કોચના જોડાણમાં ટેકનિકલ સમસ્યા આવી હતી. કોઈપણ સમસ્યા ટાળવા માટે મુસાફરોને ઉતરવા અને ફરીથી ચઢવામાં મદદ કરવા માટે રેલવે કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા.

## એજન્ટે ઓફિસ બંધ કરી ફાસ્ટ ફૂડ શરૂ કર્યું

# યુકે મોકલવાના નામે દંપતીએ યુવક પાસે ૧૦ લાખ પડાવી લીધા

## પોલીસે હાર્દિક ભરતભાઈ સોની અને તેની પત્ની શ્રેયા સામે ગુનો દાખલ કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં વિઝા કન્સલ્ટિંગનું કામ કરતા દંપતીએ એક યુવક સાથે છેતરપિંડી કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

સમા વિસ્તારની રાંદલ ધામ સોસાયટીમાં રહેતા ભાવેશ પારેખે પોલીસને કહ્યું છે કે, મારે વર્ક પરમિટ મેળવી યુકે જવું હોય ડિસેમ્બર ૨૦૨૨માં વીઆઈપી રોડ પર આવેલા વીઆઈપી વ્યુ કોમ્પ્લેક્સમાં સાદરી ઈમિગ્રેશનના સંચાલક હાર્દિક ભરતભાઈ સોની અને તેની પત્ની શ્રેયા દિનેશભાઈ પટેલ (બંને રહે આણંદ) નો સંપર્ક કર્યો હતો.

શરૂઆતમાં મને ૧૫ થી ૧૮ લાખનો ખર્ચ કીધો હતો. મેં મારા માતાના પેન્શનમાંથી લોન કરાવી હતી અને ટુકડે ટુકડે રૂપિયા ભર્યા હતા. હાર્દિકે મને મારી પત્નીના દાગીના ઉપર લોન પણ કરાવી આપી હતી. પરંતુ ત્યારબાદ તેમણે ઓફિસ બંધ કરી દીધી હતી અને પત્નીના નામે અમિત નગર બ્રિજ પાસે ફાસ્ટ ફૂડનો ધંધો શરૂ કર્યો હતો.

યુવકે કહ્યું છે કે, હાર્દિક મને અમદાવાદમાં લઈ ગયો હતો અને ઈન્ટરવ્યૂ પણ અપાવ્યો હતો.

પરંતુ ત્યારબાદ મને ગોળ ગોળ જવાબ આપવામાં આવતા હતા અને ૧૦ લાખ જેટલી રકમ હજી સુધી પરત કરી નથી. જેથી પોલીસે હાર્દિક ભરતભાઈ સોની અને તેની પત્ની શ્રેયા સામે ગુનો દાખલ કર્યો છે.

# ખોડલધામના ગરબામાં મારામારી, VIP લાઈનમાં બેસવા મુદ્દે છરી વડે હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં ચાલી રહેલા ખોડલધામ નોર્થ ઝોન ગરબાના કાર્યક્રમમાં મોડી રાત્રે એક ગંભીર ઘટના સામે આવી છે. VIP લાઈનમાં બેસવાના મુદ્દે થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં એક વ્યક્તિએ છરી વડે હુમલો કર્યો હતો, જેમાં ૩ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના ત્યારે બની જ્યારે પ્રથમ હરોળમાં બેઠેલા કેટલાક લોકોને પાછળની હરોળમાં જવાનું કહેવામાં આવ્યું હતું, જે બાબતે બબાલ થઈ હતી અને હુમલાખોરે ઉશ્કેરાઈને આ કૃત્ય કર્યું હતું. છરીના આ હુમલામાં ત્રણ વ્યક્તિઓ ઘાયલ થયા છે, જેમાં ઉદ્યોગપતિ રાજુ પરસાણાના ભત્રીજાને છરી વાગી હતી. આ ઉપરાંત, અન્ય બે વ્યક્તિઓ અશોક ફળદુ અને હરિ સોરઠીયાને પણ ઈજા પહોંચી છે. ત્રણેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હુમલો કરનાર વ્યક્તિની ઓળખ મહેશગિરી ગોસ્વામી તરીકે થઈ છે, જે એક જ્વેલર્સના ડ્રાઈવર તરીકે કામ કરે છે. ઘટનાની જાણ થતાં પોલીસે તુરંત કાર્યવાહી કરીને હુમલો કરનાર મહેશગિરીની અટકાયત કરી છે.આટલા મોટા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં છરી વડે હુમલો થવાની ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. હુમલાખોર મહેશગિરી ગોસ્વામી VIP એન્ટ્રી માંથી છરી જેવું હથિયાર સાથે લઈને કેવી રીતે પ્રવેશ કરી શક્યો, તે એક મોટો પ્રશ્ન છે. પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે, જેમાં સુરક્ષામાં રહેલી ખામીઓ અને હુમલાના ચોક્કસ કારણ અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. ગરબાના પવિત્ર માહોલમાં થયેલી આ ઘટનાથી ખેલૈયાઓ અને આયોજકોમાં ચકચાર મચી ગઈ છે.

## દિવાળીને અનુલક્ષીને નિર્ણય લેવાયો

# વડોદરા પાલિકાના કર્મચારીઓના પગાર-પેન્શનના વહેલાં ચૂકવણી કરશે

## પગાર પત્રકો આઈ.ટી. શાખાએથી તા.૦૮.૧૦.૨૦૨૫ના રોજ મેળવી, ઓડીટ શાખામાં તા.૧૦.૧૦.૨૦૨૫ સુધીમાં રજુ કરવાના રહેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને કર્મચારીઓ/પેન્શનરઓને માહે ઓકટોબરનો પગાર તથા પેન્શન વહેલાં ચુકવણી કરવા પાલિકાના તમામ ખાતાએ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. જે અંગે એકાઉન્ટ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. એમાં જણાવાયું છે કે, બેન્ક દ્વારા પગાર મેળવતાં તમામ કર્મચારીઓના પગાર પત્રકો માટે આઈ.ટી. શાખામાં ડેટા એન્ટ્રી માટેના પેરોલના ડેટા ફોર્મસ તા.૦૪.૧૦.૨૦૨૫ સુધીમાં મોકલી આપવાના રહેશે, પગાર પત્રકો આઈ.ટી. શાખાએથી તા.૦૮.૧૦.૨૦૨૫ના રોજ મેળવી, ઓડીટ શાખામાં તા.૧૦.૧૦.૨૦૨૫ સુધીમાં રજુ કરવાના રહેશે. ત્યારબાદ પત્રકો ઓડીટ કરાવી તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી હિસાબી શાખાએ ચુકવણા અર્થે મોકલી આપવાના રહેશે.

રોજીંદારી-ખંડ સમયના કર્મચારીઓની અને ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓની તા.૨૧ સપ્ટેમ્બરથી ૮ ઓકટોબરની હાજરીની માહિતી તા.૯.૧૦.૨૦૨૫ના રોજ બપોર સુધીમાં આઈ.ટી. શાખાને મોકલી આપવાની રહેશે. જેના તૈયાર થયેલા પત્રકો તા.૧૦.૧૦.૨૦૨૫ના રોજ બપોર બાદ મેળવી ઓડીટ કરાવી હિસાબી શાખાએ ચુકવણાં અર્થે તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી રજુ કરવાના રહેશે.

ખાતા દ્વારા જે કરાર આધારીત કે અન્ય કર્મચારીઓના પગાર મેન્યુઅલી પત્રક (P ફોર્મ) ભરી ચુકવવામાં આવે છે તેવા કર્મચારીઓની તા.૧થી ૧૦ ઓકટોબરની હાજરીની માહિતી મેન્યુઅલી પત્રક બનાવી હિસાબી શાખામાં ૧૧.૧૦.૨૦૨૫ સુધી રજુ કરી ઓડીટ શાખામાં ઓડીટ કરાવી હિસાબી શાખાએ ચુકવણાં અર્થે તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી રજુ કરવાના રહેશે. પેન્શનના માહે ઓકટોબર ૨૦૨૫ના પત્રક તા.૦૯.૧૦.૨૦૨૫ના રોજ આઈ.ટી. શાખાએથી મેળવી ઓડીટ કરાવી તા.૧૪.૧૦.૨૦૨૫ સુધી ચુકવણાં અર્થે હિસાબી શાખાએ રજુ કરવાના રહેશે.

## અમદાવાદ જિલ્લામાં ૭ લાખથી વધુ પોસ્ટકાર્ડ લખીને વડાપ્રધાનશ્રીનો આભાર માન્યો

# ‘આત્મનિર્ભર ભારત’ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપતાં પોસ્ટકાર્ડ લખવાની ઝુંબેશને રાજ્યમાં વ્યાપક જન પ્રતિસાદ

## રાજ્યભરની સહકારી મંડળીઓએ વડાપ્રધાનશ્રીના નિર્ણયોથી સહકાર ક્ષેત્રમાં ક્રાંતિ બાદ GST ઘટાડો અને સ્વદેશી અપનાવવાનો કર્યો સંકલ્પ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશે વૈશ્વિક સ્તરે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. આ જ શ્રેણીમાં વડાપ્રધાનશ્રીએ સહકારિતા મંત્રાલયને અલગ બનાવીને ’સહકારથી સમૃદ્ધિ’ના વિઝનને નવો વેગ આપ્યો છે. સ્વદેશીના બળ પર આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે વડાપ્રધાનશ્રીને અભિનંદન આપવા માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યભરની સહકારી મંડળીઓએ પોસ્ટકાર્ડ લખવાની અનોખી ઝુંબેશ હાથ ધરી છે જેને રાજ્યભરમાં વ્યાપક જન પ્રતિસાદ સાંપડી રહ્યો છે. સહકાર ક્ષેત્રમાં ક્રાંતિ બાદ GST ઘટાડો અને સ્વદેશી અપનાવવાનો પણ રાજ્યભરની સહકારી મંડળીઓએ સંકલ્પ કર્યો છે.

વડાપ્રધાનશ્રીના આ વિઝનને આગળ ધપાવવા માટે ૬૦ જેટલા કલ્યાણકારી પગલાં લેવાયા છે, જેનાથી સહકારી મંડળીઓને અનેક ફાયદાઓ થયા છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે લીધેલા નિર્ણયો જેવા કે, વિદેશથી કૃષિ-ડેરી ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ અને જીએસટી (GST)માં ઘટાડો થવાથી સહકારી મંડળીઓ તેમજ દૂધ મંડળીઓને સીધો લાભ મળશે.

જીએસટી ઘટાડાનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોની બચતમાં વધારો કરવાનો અને ખેડૂતો સહિત નાના વેપારીઓને પ્રોત્સાહન આપવાનો છે. આર્થિક ગતિવિધિઓને વેગ આપતી સ્વદેશી ઝુંબેશ થકી ખેડૂતો, ગ્રાહકો અને વેપારીઓ સૌને લાભ મળી રહ્યો છે. જિલ્લાની સહકારી મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, સભાસદો, નાના વેપારીઓ અને ખેડૂતોએ આ નિર્ણયોને ઉમળકાભેર આવકાર્યા છે.

આ પોસ્ટકાર્ડ અભિયાન દ્વારા દેશવાસીઓએ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા ’સહકારથી સમૃદ્ધિ’ કાર્યક્રમ હેઠળના વિવિધ ૧૭ આયામોના અમલ, જીએસટી ટેક્સ ઘટાડો, ખેડૂતલક્ષી યોજનાઓ અને સ્વદેશી ચળવળ અંતર્ગત આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટેના પ્રયાસોની સરાહના કરી હતી.

આ પોસ્ટકાર્ડમાં તેમણે "હું સ્વદેશી અપનાવીશ.... ! આત્મનિર્ભર ભારત આપણે બનાવીશું...!"ના સંકલ્પ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સહકારી ક્ષેત્રે લેવાયેલા સકારાત્મક નીતિગત નિર્ણયો બદલ આભાર માન્યો હતો.

"હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" જેવા સૂત્રોથી આ અભિયાનમાં ભારતના નાગરિકો સ્વદેશી વસ્તુ વાપરવા પ્રત્યે જાગૃત થયા છે. આ મહાઅભિયાનમાં જોડાનારા વ્યક્તિઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, જે શ્રી નરેન્દ્રભાઈ મોદીની વડાપ્રધાન તરીકેની સફળતા અને લોકચાહનાને દર્શાવે છે.

● અમદાવાદ

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-૨૦૨૫ અંતર્ગત રાજ્યની વિવિધ સેવા સહકારી મંડળીઓના સભાસદોએ ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લિ. (ADC બેંક) સાથે મળીને અંદાજે છ લાખ જેટલા પોસ્ટકાર્ડ લખીને આભાર વ્યક્ત કર્યો છે. તે જ રીતે, અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાઓની મહિલાઓએ ધી અમદાવાદ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. સાથે મળીને અંદાજે ૧.૭૦ લાખ પોસ્ટકાર્ડ દ્વારા તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

● અરવલ્લી

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ફરેડી ગામમાં આવેલી ફરેડી દૂધ મંડળીની બહેનોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પત્રો લખીને તેમના હિતલક્ષી નિર્ણયોની સરાહના કરી છે. આ પોસ્ટકાર્ડ અભિયાન દ્વારા સહકારી સભ્યો પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી રહ્યા છે. GST તથા સ્વદેશી અભિયાનને વધુ વેગવંતુ બનાવવા માટેના પ્રયાસોને મજબૂતી આપી રહ્યા છે.

● બોટાદ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને શ્રી બોટાદ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન શ્રી ભોળાભાઈ રબારી અને વાઈસ ચેરમેનશ્રી મેપાભાઈ મારુંએ પ્રજાલક્ષી તેમજ પશુપાલકલક્ષી નિર્ણય બદલ વડાપ્રધાનશ્રીને પોસ્ટકાર્ડ લખી આભાર વ્યક્ત કર્યો.

● સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાની ૮૨૫ દૂધ મંડળીઓના સભાસદોએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકાર ક્ષેત્રે કરેલી પહેલ બદલ આભાર વ્યક્ત કરવા માટે પોસ્ટકાર્ડ ઝુંબેશ યોજી હતી.

આ ઝુંબેશ અંતર્ગત સભાસદોએ પ્રધાનમંત્રીશ્રીને સંબોધીને ખાસ કરીને સહકાર મંત્રાલયની સ્થાપના, સહકારી ક્ષેત્રમાં કરવામાં આવેલા સુધારા, જીએસટીમાં રાહતો તથા સ્વદેશી ચળવળને પ્રોત્સાહન આપવાના પ્રયાસો બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

● જામનગર

સહકારી ક્ષેત્રને સમૃદ્ધ બનાવવા બદલ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલ શ્રી ગોરખડી સેવા સહકારી મંડળી લી. ના સભ્યોએ ઉત્સાહભેર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આભાર વ્યક્ત કરતા પોસ્ટકાર્ડ લખ્યા હતા.

● ભાવનગર

ભાવનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોએ આર્થિક ઉત્કર્ષ માટે વડાપ્રધાનશ્રીને પોસ્ટકાર્ડ લખીને આભાર વ્યક્ત કર્યો હતો. બુધેલ ગામના ખેડૂતોએ પોસ્ટકાર્ડમાં વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરતાં લખ્યું છે કે, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, આપના દ્વારા દેશના ઈતિહાસના ૭૫ વર્ષમાં પ્રથમ વખત અલગ સહકાર ખાતાની રચના કરી સહકારી ચળવળને વેગ આપ્યો છે એ બદલ અમે આપનો ખુબ ખુબ આભાર માનીએ છીએ.

● પાલનપુર

આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ હેઠળ સહકારી બેંક ક્ષેત્રે નવીનીકરણ અને ઘર આંગણે સુવિધાઓ પ્રદાન થતા બનાસકાંઠા સ્થિત બનાસ બેંકના ચેરમેનશ્રી અને બનાસ બેંકના કર્મચારીઓએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને પોસ્ટ કાર્ડ લખીને આભાર વ્યક્ત કર્યો હતો. જેમાં પશુ નિભાવ ખર્ચ માટે ઝીરો ટકા વ્યાજે મળતી રૂ. ૨ લાખ સુધીની KCC લોન, ગ્રામ્ય કક્ષાએ માઈક્રો ATM જેવી સુવિધા, PACS કોમ્પ્યુટરાઈઝેશન, કોમન સર્વિસ સેન્ટર, નેશનલ કો ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડની રચના, ગ્રામીણ સોયાટીઓને ડિજિટલ માધ્યમ સાથે જોડવા માટેની ઝુંબેશ વગેરેનો સમાવેશ થાય છે.

● નર્મદા

નર્મદા જિલ્લાના ધારીખેડા સ્થિત શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નરેન્દ્રભાઈ પટેલ અને જિલ્લાના અગ્રણી ખેડૂતોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ થયેલા જી.એસ.ટી.માં સુધારા, ‘વોકલ ફોર લોકલ’ અને ‘સ્વદેશી’ અભિયાન સહિત સુગર ફેક્ટરીના વિકાસ માટે કેન્દ્ર-રાજ્ય સરકાર તરફથી મળેલી લોન-સહાય-સહકાર માટે ભારતીય પોસ્ટકાર્ડના માધ્યમથી આભાર વ્યક્ત કર્યો હતો.

સુગર ફેક્ટરી દ્વારા પણ ગત વર્ષે ૬૦ હજાર લીટર ઈથેનોલનું ઉત્પાદન થયું તેમજ બીજા પ્લાન્ટની પણ સ્થાપના કરવામાં આવી છે. કેન્દ્ર-રાજ્ય સરકારની નીતિઓ અને સહાયથી અમે સફળતાની રાહ ચીંધી છે.

## બુક કરાયેલી કાર બળીને ખાખ થઈ

# સુરતના અડાજણના મહિન્દ્રા શોરૂમમાં લાગી ભીષણ આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના અડાજણ-પાલ ગામ વિસ્તારમાં આવેલા મહિન્દ્રા કાર શોરૂમના વર્કશોપ વિભાગમાં ગત મોડી રાત્રે અચાનક ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ આગમાં વર્કશોપમાં રિપેરિંગ માટે મૂકાયેલી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. આગ લાગવાનું મુખ્ય કારણ એક્સ્ટ્રા વાયરિંગમાં શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવે છે. આગની જાણ થતાં જ શોરૂમ અને આસપાસના વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો.સદનસીબે આ ઘટના મોડી રાત્રે બની હોવાથી અને સમયસર ફાયર વિભાગને જાણ થવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી અને એક મોટી દુર્ઘટના ટળી હતી. વર્કશોપમાં આગ લાગવાના કારણે મોટી સંખ્યામાં કારોને નુકસાન થયું છે. આ દુર્ઘટનામાં ખાસ કરીને એ ગાડીઓને મોટું નુકસાન થયું છે જે દશેરાના તહેવાર નિમિત્તે ડિલિવરી માટે બુક કરાઈ હતી અને શોરૂમમાં પડી હતી.જોકે ફાયર વિભાગની ટીમોએ તાત્કાલિક ઘટનાસ્થળે ધસી જઈને પાણીનો મારો ચલાવી આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવ્યો હતો. સમયસર આગ બુઝાવી દેવાતાં આગ શોરૂમના મુખ્ય ભાગમાં પ્રસરતી અટકી હતી. જેના કારણે મોટું આર્થિક નુકસાન થતાં બચી ગયું હતું. હાલમાં આગ લાગવાના ચોક્કસ કારણો અને થયેલા નુકસાનનું આકલન કરવાની કામગીરી ચાલી રહી છે.